અરજી નં.૩૭૬ તા.૨–૩–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી(ગુમાસ્તા)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૭–૧–૦૯ ની અરજીથી બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં ગૃહ ઉધોગ, કોટેજ ઉધોગ ,હસ્તકલા ઉધોગના નામે ચાલતાં તમામ જરીના કારખાના ફકત ગુમાસ્તાધારા વિભાગ તરફથી નોંધણીના આધારે ચાલુ કરવામાં આવે છે તે કયા વિભાગ તરફથી ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવી છે તેની માહિતી તથા કારખાના બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવે છે તે બંધ કરાવી તાકીદે વિગત આપવા બાબત.
**સંદર્ભ** :–અરજદાર મજકુરની તા.૨–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૬/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૭–૧–૦૯ ની અરજીથી બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં ગૃહ ઉધોગ, કોટેજ ઉધોગ ,હસ્તકલા ઉધોગના નામે ચાલતાં તમામ જરીના કારખાના ફકત ગુમાસ્તાધારા વિભાગ તરફથી નોંધણીના આધારે ચાલુ કરવામાં આવે છે તે કયા વિભાગ તરફથી ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવી છે તેની માહિતી તથા કારખાના બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવે છે તે બંધ કરાવી તાકીદે વિગત આપવા બાબતે ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તાના પત્ર નં.એસ એન્ડ ઈ/જા/૩૬૪ તા.૨૪–૨–૦૯થી આપેલ જવાબ સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૬ તા.૭–૩–૦૯ થી ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા વિભાગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.એસ.એન્ડ ઈ./જાવક/૩૯૭ તા.૨૫–૩–૦૯ થી અત્રેની કચેરીને પૂરક વિગતો પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજીમાં બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં ગૃહ ઉધોગ, કોટેજ ઉધોગ ,હસ્તકલા ઉધોગના નામે ચાલતાં તમામ જરીના કારખાના ફકત ગુમાસ્તાધારા વિભાગ તરફથી નોંધણીના આધારે ચાલુ કરવામાં આવે છે તે સુરત મહાનગરપાલિકાના કમિશ્નર કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન, આરોગ્ય વિભાગ C/Z , ફાયર વિભાગ C/Z તથા ગુમાસ્તાધારા વિભાગ C/Z અને શહેર વિકાસ વિભાગ C/Z તેમજ કયા વિભાગ તરફથી ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવી છે તેની માહિતી તથા જો કોઈ વિભાગે પરમીશન આપી ન હોય તો કારખાના બંધ કરવાની જવાબદારી સુરત મહાનગરપાલિકાની આવે છે તે બંધ કરાવી તાકીદે વિગત આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.એસ એન્ડ ઈ./જા. /૩૬૪ તા.૨૪–૨–૦૯ થી માહિતી પૂરી પાડેલ છે. અરજદારે તેમની અપીલ અરજીમાં ૪/૩૬૦ વાળી મિલકતમાં ચાલતા તમામ જરીના જે કારખાના ચાલુ છે. જે ચાલુ કરવાની પરવાનગી કયા વિભાગ તરફથી આપવામાં આવે છે. જે અંગે અન્ય જવાબ આપેલ હોવાનું તથા સદર મિલ્કતમાં જરીના મશીન ચાલુ કરવાની પરવાનગી ન આપેલ હોયતો બંધ કરવાનું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી ધ્વારા રજુ કરેલ પૂરક વિગતો અનુસાર તેઓ કક્ષાએથી અરજદારને માહિતી પૂરી પાડી બાકીના વિભાગોને તા.૨૧–૩–૦૯ના પત્રથી અરજી તબદીલ કરેલ છે. અરજદારે માંગેલ માહિતી અંગે આજ અરજદારની સરખી બાબતે કરવામાં આવેલ માહિતી માંગતી અરજી અંગે પુર્તી થયેલ અપીલનો સંદર્ભ ચકાસતાં તેમની તા.૨૫–૭–૦૮ આઈ.ડી.નં.૪૨૯ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા તેમના પત્ર નં.સી.ઝેડ/૫૭૮ તા.૧૮–૮–૦૮ અન્વયે અરજદારને માહિતી આપવામાં આવી જણાય છે કે જરીના કારખાના માટે તેઓ કક્ષાએથી કોઈ પરવાનગી આપવામાં આવતી નથી. તે જ રીતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની તા.૧૦–૬–૦૮ થી આઈ.ડી. નં.૨૪૮ની અરજી અંગે પત્ર નં.સે.ઝોન/૩૫૫ તા.૨–૭–૦૮ થી માહિતી આપવામાં આવેલ છે કે કોટેજ ઉધોગમાં પરવાનગીનો કોઈ ઉલ્લેખ નથી. આમ અરજદારને સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અગાઉની અરજી સંદર્ભ સરખી માહિતી આપ્યાનું દફતરેથી જણાય છે. જે વિગતો અરજદારે કરેલ અપીલ નં.૩૨૫ તા.૨૫–૨–૦૮ માટે રજૂ કરેલ કાગળો પરથી સ્પષ્ટ થાય છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા આ કાયદા હેઠળ કલમ–૨(એફ) તથા ૨(જે)અન્વયે પાસેની કે નિયંત્રણ હેઠળની ની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતિ આપવાની જોગવાઈ છે. તેમ છતાં આ કાયદા હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોઈ અલગ માહિતી આપવાની રહે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧–૦૯ની મૂળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડેલ છે. તથા બાકીના વિભાગો અંગે પરવાનગી ના મુદ્દા પુરતું માહિતી આપવા તા.૨૧–૩–૦૯થી તબદીલ કરેલ છે. જે વિલંબથી છે. ઉલ્લેખનીય છે સદર માહિતી અરજદારને અગાઉની અરજી સંદર્ભે મળેલ છે જ તેમ છતાં તબદીલ હેઠળના જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન અને શહેર વિકાસ અધિકારી, ડે.કમિશ્નર(સ્પે.) ફાયર અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ શહેર વિકાસને તબદીલ થયેલ મુદ્દા પુરતી હકીકત લક્ષી માહિતી દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવા જણાવવામાં આવે છે.

અરજદારે ખાતાકીય કાર્યવાહી તે અંગેની કાનુની જોગવાઈ સંદર્ભે અર્થઘટનના હેતુથી જે વિવાદ ઉત્પન કરેલ છે તે અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (૫ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી ,ગુમાસ્તા વિભાગ,સેન્ટ્રલઝોન, ફાયર, શહેર વિકાસ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,